ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 14th June, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................................., ભાવનગર.

### લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરાઈ.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત પ્રેરિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

વિવિધ વૈજ્ઞાનિક અને સમાજ ઉપયોગી દિવસોની ઉજવણી અંતર્ગત ૧૪મી જુન ૨૦૧૭ને વિશ્વ રક્તદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગ રૂપે તા. ૧૪ જુન ૨૦૧૭ને બુધવારના રોજ સવારના ૧૦:૦૦ કલાક થી બપોરના ૧૨:૦૦ કલાક દરમ્યાન શહેરની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ભાવનગર બ્લડ બેંકની મુલાકાતનું આયોજન કરવા આવેલ.

જેમાં શ્રી સંજયભાઈ દેસાઈ (મેનેજીંગ ટ્રસ્ટી, ભાવનગર બ્લડ બેંક, ભાવનગર) દ્વારા વિદ્યાથીઓને વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણીનો ઈતિહાસ અને તેની શરૂઆતની વાતો કરી હતી. ઉપરાંત ભાવનગર બ્લડ બેંકના વિવિધ કામો વિશેની વિસ્તૃત માહિતીઓ સરળતા પુર્વક સમજાવીને ભાવનગર બ્લડ બેંક વિષે વિધાર્થીઓને સંપૂર્ણ માહિતગાર કાર્ય હતા. ત્યારબાદ ભાવનગર બ્લડ બેંકના વિવિધ વિભાગોના નિષ્ણાંતો દ્વારા વિધાર્થીઓને બ્લડ બેંકમાં ઉપયોગી વિવિધ મશીનરીનો ઉપયોગ અને તેની વિશેષતાઓ સમજવામાં આવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં શહેરની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાંથી કુલ ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન ભાવનગર બ્લડ બેંકના હોદ્દેદારો દ્વારા પુરતો સાથ સહકાર મળેલ. જે બાબતો લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

14.6.17

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.